# દિયોદર પોલીસ સ્ટેશન ખાતે પીએસઆઈનો વિદાય સમારંભ



## એએસઆઈની પણ અંબાજી ખાતે બદલી થતાં તેમને શ્રીફળ મૂર્તિ અને સાફો બાંધી તેમની કામગીરીને બિરદાવાઈ

દિયોદર, તા. ૨૬

દિયોદર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા જે.બી. આસોડીયાની પાટણ ખાતે બદલી થતા તેમજ તેમની જગ્યાએ નવા આવેલ ઓ.પી. સીસોદીયા હાજર થતા વિદાય સમારંભ અને સત્કાર સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે સિવિલ જજ પાંચોડ સાહેબ તેમજ માનસિંહજી બાપુ (માજી ધારાસભ્ય) તથા તેજાભાઈ પટેલ (બનાસબેંક ડીરેક્ટર), ચેલાભાઈ પટેલ, હિરાભાઈ રાજપૂત, બાબુભાઈ છત્રલીયા, તાલુકાના સરપંચો ડેલીગેટો, આગેવાનો, ગ્રામજનો, પત્રકાર મિત્રો વગેરે હાજર રહ્યા હતા. સ્ટાફ મિત્રોએ સાફો બંધાવી તેમનું સ્વાગત કર્યુ હતું. તેમજ અગ્રણીજનોએ શાલ ઓઢાડી, ફૂલહાર કરી તેમને આવકાર્યા હતા. જે.બી. ઓસાડીયાને શ્રીફળ અને મૂર્તિ આપી બિરદાવ્યા હતા. તેમની કામગીરીના વખાણ કર્યા હતા તેમજ નવા આવેલ પી.એસ.આઈ. સીસોદીયાને તાલુકામાં કાયદો અને વ્યવસ્થા જળવાય તે બાબતે અગ્રણીઓનો સહકાર માંગ્યો હતો તેમજ કરશનભાઈ પરમાર (એએસઆઈ)ની પણ અંબાજી ખાતે બદલી થતા તેમને પણ શ્રીફળ, મૂર્તિ અને સાફો બાંધી તેમની કામગીરીને બિરદાવી હતી. આભાર વિધિ નટુભાઈ ચૌહાણે કરી હતી.

# ખેડબ્રહ્માના ચિખલા ગામે મારામારી થતાં મહિલા સહીત ચાર વિરૂદ્ધ ફરીયાદ

ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્મા તાલુકાના ચિખલા ગામે અંગત અદાવતમાં મારામારી થતાં એક મહીલા સહીત ચાર વિરૂદ્ધ ફરીયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્માના ચિખલા ગામે ગુરૂવારે સાંજના પરસોત્તમભાઈ ધુળાભાઈ માળી તેમની પત્નિ સાથે પોતાના ઘરે હતા અને ઘરના નજીક ખેતરમાં તેમનો દિકરો ભરતભાઈ, દિકરી રાધાબેન તથા તેમનો જમાઈ તિર્થરાજ મોતીરાજ ડાભી (ભૂતીયા)ના ખેતરમાં ઘઉં કાપતા હતા ત્યારે ચિખલા ગામના જ જયંતિભાઈ નારાભાઈ માળી તથા તેમના બે દિકરા મહેન્દ્રભાઈ અને નરેશભાઈ તથા એક દિકરી રવિનાબેન બધા ખેતરમાં જઈ પરસોત્તમભાઈના દિકરા-દિકરી તથા જમાઈને ગડદાપાટુનો માર મારવા લાગેલા અને બુમાબુમ થતા તેઓ પરસોત્તમભાઈના ઘર આગળ આવી તેમની સાથે તકરાર કરવા લાગેલા અને તેમને પણ લાફા મારવા લાગેલા તેથી પરસોત્તમભાઈએ પુછેલ કે તેમણે આ બધાને કેમ માર્યા તો તેમણે જણાવેલ કે તમારા જમાઈએ એક માસ અગાઉ અમારી દિકરી રવિનાના મોબાઈલ પર ફોન કરી જેમ તેમ બોલેલ હતો તેથી અમોએ તેને મારેલ છે આજે તો બધા આવી જતા તમારો જમાઈ બચી ગયેલ છે. તેવું કહી જતા રહેલ જે અંગે પરસોત્તમભાઈ ધુળાભાઈ માળીએ ચિખલા ગામના જયંતિભાઈ નારાભાઈ માળી, મહેન્દ્રભાઈ જયંતિભાઈ માળી, નરેશભાઈ જયંતિભાઈ માળી તથા રવિનાબેન જયંતિભાઈ માળી વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# ખેડબ્રહ્માના યાદવ કોમ્પલેક્ષ આગળથી બાઈક ચોરાયું

ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્માના રહીશ દિલીપભાઈ નટવરભાઈ પટેલ મંગળવારે તેમના ભાઈ જીતેન્દ્રભાઈનું બાઈક નં.જીજે.૦૯.એસી.૬૨૧૪ લઈ યાદવ કોમ્પલેક્ષમાં તેમના મિત્ર અલ્પેશભાઈની કોમ્પ્યુટરની દુકાનમાં મળવા ગયા હતા. થોડા સમયમાં જ પાછા આવતા બાઈક જે જગ્યાએ પાર્ક કર્યુ હતું તે જગ્યાએ ન જોતાં બાઈક કોઈ ચોર ઈસમો ચોરી કરી ગયાનું લાગતા દિલીપભાઈ પટેલે આ અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# વાંટડા ડુંગર પર જંગલમાં ભીષણ આગ લાગતાં વનરાજી બળીને ખાખ



મોડાસા, તા. ૨૬

મોડાસા તાલુકાના વાંટડા પાસે આવેલા ડુંગર પર આવેલા જંગલ પર ગુરૂવારના સાંજના ચાર વાગ્યાના સુમારે અચાનક કોઈ કારણોસર જંગલમાં આગ લાગતા વનરાજી બળીને ખાખ થઈ ગઈ હતી. અને જોત જોતામાં ડુગર પરથી ધુમાડાના ગોટે ગોટા નીકળવા માંડ્યા હતા. અચાનક લાગેલી આગના લીધે જંગલમાં ભારે નુકશાન થયું હતું. હાલમાં જ સરડોઈ ડુંગર પરના જંગલમાં આગનો બનાવ બન્યો હતો ત્યાં જ વાંટડા ડુંગર પર આગ લાગતા ત્રણ દિવસમાં જ આગ લાગવાની બે ઘટનાઓથી વનતંત્ર દોડતુ થયું હતું. ઘટનાની જાણ થતાં વનતંત્રના કર્મચારીઓ ડુંગર પર દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ આગને કાબુમાં લીધી હતી. જો કે આગનું કોઈ ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું.

**માત્ર ગ્રાઉન્ડ ફાયર છે : રેન્જ ફોરેસ્ટર :** આ અંગે મોડાસા રેન્જ ફોરેસ્ટર મકવાણાના જણાવ્યાનુસાર ઘટનાની જાણ થતાં તાત્કાલિક વનતંત્રના કર્મચારીઓની ટુકડી ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. અને મોડી રાત્રે આગને કાબુમાં લીધી હતી અને આ આગમાં માત્ર પાંદડાઓ જ બળ્યા છે અને ગ્રાઉન્ટ ફાયર આગ હતી અન્ય કોઈ મોટુ નુકશાન કંઈ થયું નથી.

# મેઘરજની ગ્રીન સ્કુલમાં ફરીવાર અજાણ્યાં તત્ત્વો દ્વારા તોડફોડ

મોડાસા, તા.૨૬

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરમાં આવેલ કરોડોના ખર્ચે જિલ્લામાં એક માત્ર તાજેતરમાં બનાવેલ ગ્રીન સ્કુલમાં વારંવાર અજાણ્યા ઈસમો દ્વારા તોડફોડ કરાતાં નગરના લોકોમાં રોષની લાગણી ભભુકી ઉઠી છે.



પ્રાપ્ત વિગત મુજબ મેઘરજ નગરમાં ગ્રીન સ્કુલ પ્રા. શાળા નં.૧માં ધોરણ ૧ થી ૮ના વર્ગો ચાલે છે જેમાં ૪૦૦ બાળકો અભ્યાસ કરી રહ્યા છે તેવી આ સ્કુલમાં ગત તા. ૨૩-૩-૧૬ના રોજ અજાણ્યા ઈસમોએ પ્રવેશ કરી લોખંડનો દરવાજો તોડી પીવાના પાણીના ટાંકાના ઢાંકણો તોડી પીવાના પાણીના બોરના વાયર કનેકશનો કાપી સરકારી માલ મિલકતને તોડફોડ કરી ભારે નુકશાન પહોંચાયું છે. આ બનાવની જાણ શાળાના આચાર્યને થતા તાબડતોબ મેઘરજ પોલીસ સ્ટેશનમાં આ સમગ્ર બનાવની જાણ કરી કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ પણ આ શાળામાં મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને સ્વામી વિવેકાનંદની પ્રતિમાઓને પણ શાળાની અંદર દિવાલ પર લગાવેલ પ્રતિમાઓને પણ તોડીને નીચે નાખી દીધેલ અને આ શાળામાં તોડફોડ કરી હતી તે અંગેની મેઘરજ પોલીસ સ્ટેશને જાણ કરેલ હતી તેમ છતાં ફરીથી આ ઘટના બનતાં સમગ્ર મેઘરજ નગરમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે તો આ બનાવો વારંવાર ન બને તે માટે આ બાબતે પોલીસે તાકિદે આ અજાણ્યા ઈસમોને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા લોકોની લાગણી અને માંગણી છે.

# કભરોડા ગામે પ્રજ્વલિત હોળીમાં પડી જતાં આધેડની હાલત ગંભીર

ઈસરી, તા.૨૬

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના કંભરોડા ગામે હોળી દહન દરમિયાન રાત્રે અગિયાર વાગે કંભરોડ ગામનો ૪૮ વર્ષીય તાભિયાર લાલભાઈ સોમાભાઈ હોળીના ડાંડીયા રમતાં રમતાં અચાનક ચકકર આવી જતાં હોળીની આગમાં પડયો હતો પરંતુ સ્થળ ઉપર હાજર રહેલ લોકોએ તાબડતોબ આગમાંથી બહાર ખેંચી લીધો હતો અને તેના શરીર પરના કપડાં પણ બળી ગયા હતા. ગામ લોકો દ્વારા તાત્કાલીક ધોરણે ૧૦૮ને બોલાવી સારવાર અર્થે તેના પરિવારની માગણી હોવાથી મેઘરજની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો પરંતુ હોળીના દિવસે રાત્રે કોઈ પણ ખાનગી હોસ્પિટલમાં ડોકટર ન હોવાથી મેઘરજની સરકારી હોસ્પિટલ વાસણા ખાતે લઈ જવાયો હતો જયાં સરકારી હોસ્પિટલના ડૉ. સુથાર હાજર હોઈ તેઓએ તાત્કાલિક સારવાર આપતાં લાલાભાઈ તાભિયારનો બચાવ થયો હતો.

# શિહોરી માર્ગ પર નવીન પેટ્રોલ પંપનો પ્રારંભ

શિહોરી, તા.૨૬

શિહોરી-પાટણ જીઈબી હાઈ-વે પર એસ્સાર કંપનીના સર્વોદય પેટ્રોલનો પ્રારંભ મહંત જગદીશપુરીના હસ્તે કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં દિયોદર ધારાસભ્ય કેશાજી ચૌહાણ, ભારતસિંહ ભટેસરીયા, ડાહ્યાભાઈ પિલીયાતર, કીર્તિસિંહ વાઘેલા, હંસપુરી ગોસ્વામી, શાંતુભા વાઘેલા વગેરે મહાનુભાવો હાજર રહ્યા હતા.

# દામાવાસમાં પૈસાની લેવડદેવડની મારામારીમાં પોલીસ સમક્ષ ફરિયાદ

## દારૂ પીધેલી હાલતમાં ત્રણ ઈસમોએ માર માર્યો હોવાનું પણ પોલીસ સમક્ષ કરવામાં આવેલી ફરિયાદમાં જણાવાયું

ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્મા તાલુકાના દામાવાસ ગામમાં ગુરૂવારે પૈસાની લેવડદેવડમાં એક ઈસમને માર મારતા ત્રણ વ્યક્તિઓ વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાઈ હતી.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનેથી મળતી વિગતો અનુસાર દામાવાસના ઠાકોરભાઈ વિરાજી વણજારા ગુરૂવારે પોતાના ઘર આગળ બેઠા હતા ત્યારે તેમના ઘર નજીક રહેતા વણજારા સુંદરસિંહ માનસિંહ, વણજારા ભાવસિંહ ખેમાજી તથા વણજારા અલકેશભાઈ ભાવસિંહ તેમના પાસે આવેલા અને કહેવા લાગેલા કે તમોને અમોએ એક મહીના પહેલા બે લાખ રૂપિયા આપેલ છે તે અમોને હાલ પાછા આપી દો. જેથી ઠાકોરભાઈએ જણાવેલ કે સુંદરસિંહ તથા ભાવસિંહને મે ખેડબ્રહ્મા તથા વડાલીના શ્રોફમાંથી રૂપિયા સાડાચાર લાખ લઈ આપેલ છે તે પૈસા પહેલા ભરપાઈ કરી દો પછી હું તમને પૈસા આપી દઈશ. જેથી તે સમયે ત્રણેય જણા દારૂ પીધેલ હોઈ ઠાકોરભાઈને બિભત્સ ગાળો બોલી ગડદાપાટુનો માર મારવા લાગેલા, ત્યારે સુંદરસિંહે બાજુમાં પડેલ ધોકો લઈ ઠાકોરભાઈને છાતીમાં ભાગમાં મારેલ જેથી તેમને બુમાબુમ કરતા તેમનો ભત્રીજો મખરામભાઈ મધુરભાઈ તથા અનિલભાઈ નાથુસિંહ આવી ગયેલ અને ઠાકોરભાઈને છોડાવેલ. પણ જતા જતા તેઓ ઠાકોરભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને જણાવેલ કે, જ્યાં સુધી બે લાખ રૂપિયા નહીં આપે ત્યાં સુધી જંપીશુ નહી અને તને મારીને જ જંપીશુ. જે અંગે ઠાકોરભાઈએ ત્રણેય વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી હતી.

# ગલતેશ્વરમાં ખાનગી કંપની દ્વારા ક્રિકેટ મેચ યોજાઈ



પ્રાંતિજ, તા.૨૬

પ્રાંતિજ તાલુકાના ગલતેશ્વર રોડ ઉપર આવેલ અંબર્ટો સિરામીકસ ઈન્ટરનેશનલ પ્રા.લી. કંપનીના સૌજન્યથી ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજ ખાતે આવેલ વિવિધ કચેરીઓના અધિકારીઓ, પત્રકારો, ડૉકટરો, વકીલો, કોર્પોરેટરો, જાયન્ટસ મેમ્બરો, નગરના અગ્રણીઓની ટીમ બનાવી ક્રિકેટ મેચ યોજાઈ હતી.

ગલતેશ્વર ખાતે આવલ અંબર્ટો સિરામીકસ ઈન્ટરનેશનલ પ્રા. લી. કંપની દ્વારા ક્રિકેચ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અધિકારીઓ, નગરપાલિકા કોર્પોરેટરો, જાયન્ટ સભ્યો, ડોકટરો, વકીલો, પત્રકારો તથા અગ્રણીઓની ટીમ એ અને ટીમ બી બનાવી બંને ટીમ વચ્ચે ક્રિકેટ મેચ યોજાઈ હતી. જેમાં પહેલા ટોસ જીતીને ટીમ એ દ્વારા બેટિંગ લઈને ૫૫ રન બનાવ્યા હતા જયારે બીજા દાવમાં ટીમ બી દ્વારા ૫૬ રન બનાવી દેતા તેવો જીતી ગયા હતા. પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, પ્રાંતિજ પાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ તથા કંપનીના ડાયરેકટર સુનીલ કે. મલેશા દ્વારા વિજય થયેલ ટીમને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી જયારે સમગ્ર ક્રિકેટ મેચ છેલ્લી ઓવર સુધી રોમાંચક રહી હતી. ખેલાડીઓએ ઘણા સમય પછી ક્રિકેટ મેચ રમતાં આનંદ છવાયો હતો અને કંપનીનો આભાર પણ માણ્યો હતો. સમગ્ર ક્રિકેટ મેચનું સફળ આયોજન આર.કે. દાસ હેડ, એચ.આર તથા વિશ્વેસ્વર ગોસ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું.

# દિયોદરના રૈયા ગામમાં છેલ્લાં ૨૦ વર્ષથી હોળી પ્રગટાવાઈ નથી

## વર્ષો પહેલાં ગામમાં અનિચ્છનીય બનાવ બનતાં ગ્રામજનોએ હોળી ન ઉજવવાનો નિર્ણય લીધો હતો

દિયોદર, તા. ૨૬

દિવાળી તો અંટે કરે હોળી નો ઘરે કરણી આ કહેવત હોળી આવે ત્યારે યાદ આવે છે. હોળીનું મહત્વ ગુજરાત કરતા રાજસ્થાનમાં વધુ ઉજવાય છે. રાજસ્થાન મારવાડી લોકો દિવાળી કરતા હોળીનો તહેવાર વધુ ઉજવે છે. જેમાં ગુજરાતમાં પણ આનુ મહત્વ રહેલુંછે. સમગ્ર ગુજરાત આજે હોળી ઉજવવા અને પ્રગટાવવાની સાથે સાથે તેમના દિકરાને ઢુઢના પ્રસંગો ઉજવશે પરંતુ અમે તમને એક એવા ગામની વાત કરીશુ કે જ્યાં અંદાજીત ૨૦ વર્ષ પહેલા નાના અનિચ્છનીય બનાવના કારણે ગ્રામજનોએ લીધેલ અનોખો નિર્ણય આજે પણ પરંપરા મુજબ ચાલે છે. કે આ ગામમાં હોળી જ નથી ઉજવાતી.

દિયોદર તાલુકાના રૈયા ગામ સંપુર્ણ વ્યસન મુક્ત ગામ છે. આ ગામ છ હજાર ઉપરાંત વસ્તી ધરાવતુ છે. અહિ ૨૦ વર્ષ પહેલા પરંપરા મુજબ ગામના ચોકમાં હોળી પ્રગટાવાતી હતી અને સંયુક્ત ગામ સાથે મળી હોળી અને ધુળેટીનો ભવ્ય પ્રસંગ ઉજવતા હતા પરંતુ હોળી પ્રગટાવવાની નાની બાબતે બે જુથ કોમ વચ્ચે અનિચ્છનીય બનાવ બન્યો હતો. જેના કારણે આ બનાવ આ ગામમાં ફરીથી ન બને તે માટે તે સમયે ગામના આગેવાનો અને ગ્રામજનો સાથે મળી રૈયા ગામમાં હોળીનો પ્રસંગ ન ઉજવવા માટે નિર્ણય લેવામાં આવ્યો હતો અને જો કોઈ ઘરે દિકરાની ઢુઢનો પ્રસંગ હોય તો પોત-પોતાના ઘરે ધુપ કરી પ્રસંગ ઉજવવા માટે લોકોએ નિર્ણય લીધો હતો. જેથી આ નિર્ણયને આજે ૨૦ વર્ષ પુર્ણ થયા છે. જેમાં આ ગામમાં નિર્ણયને ધ્યાને રાખી આજે પણ આ ગામમાં હોળીનો પ્રસંગ ઉજવાતો નથી. આ પરંપરા અને નિર્ણયને અમો સ્વીકારી લઈ ગામમાં હોળી પ્રગટાવતા નથી.

# સિદ્ધપુર એસટી ડેપોના ઉચ્ચ અધિકારી સામે ડ્રાઈવર-કંડકટરો ભારે ખફા

## અધિકારી આક્રમક વલણ અપનાવી મનસ્વીપણે કામદારોને પરેશાન કરી રહ્યા હોવાની રાવ

ઊંઝા, તા. ૨૬

ઉત્તર ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ સિદ્ધપુર એસ.ટી. ડેપોમાં ફરજ બજાવતા સ્ટેન્ડ ઈન્ચાર્જ યાને ટ્રાફિક ઈન્સ્પેક્ટર દરજ્જાના અધિકારી ડેપોના ડ્રાઈવર કંડક્ટર વર્ગના કર્મચારીઓ સાથે આક્રમક અને ઉદ્ધત વર્તન કરતા હોવાથી કામદારોમાં ઘેરા અસંતોષની લાગણી ફેલાઈ છે. સિદ્ધપુર એસ.ટી. ડેપોના કામદારોમાં ચર્ચાતી વાતો મુજબ ડેપોમાં ટ્રાફિક ઈન્સ્પેક્ટર યાને સ્ટેન્ડ ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવતા અધિકારી છેલ્લા કેટલાક વખતથી કામદારો સાથે કોણ જાણે કેમ આક્રમક વલણ અપનાવીને મનસ્વી રીતે કામદારોને પરેશાન કરી રહ્યા છે. ડ્રાઈવર કંડકટર કક્ષાના કોઈ કર્મચારી આ અધિકારીને કોઈ રજૂઆત યા ફરિયાદ કરવા માટે જાય ત્યારે આ અધિકારી સત્તાના જોરે કર્મચારી સાથે ઉદ્ધત વર્તાવ કરતા હોય છે. કહે છે કે આ સ્ટેન્ડ ઈન્ચાર્જ રજૂઆત કરનાર કર્મચારી સાથે અસભ્ય વર્તન કરી બદલી કરાવી દેવાની ધમકી આપતા હોય છે. જેથી ડેપોના કામદારોમાં ઘેરા અસંતોષની લાગણી ફેલાઈ છે. આ બાબતે પાલનપુર એસ.ટી. વિભાગના ઉચ્ચ અધિકારીઓએ સત્વરે તપાસ કરી યોગ્ય પગલા ભરવા જરૂરી મનાય છે.

# અંબાજીના પાત્સા ગામે કાર-બાઈક વચ્ચે અકસ્માત : બેનાં મોત

અંબાજી, તા. ૨૬

અંબાજી નજીક ચાર કીલો મીટર દૂર પાન્સા ગામની સીમમાં એક બાઈક અને સિફટ કાર વચ્ચે ધડાકાભેર અથડાતા અકસ્માત સર્જાયો છે. અકસ્માતમાં બન્ને બાઈક સવાર હવામાં ફંગોળાતા બેના મોત નિપજ્યા છે. જો કે અકસ્માત સર્જીને ભાગતી સિફટકાર પણ ખાડામાં ખાબકી હતી. જેમાં બેઠેલા મુસાફરો હાલ લાપત્તા બન્યા છે ને કાર ચાલક અકસ્માત સર્જીને પોતાની કારની નંબર પ્લેટ કાઢી લીધી હોવાનું જાણવા મળેલ છે. કારનો નંબર જી.જે.૨૭.સી.૬૦૮૫ હોવાનું જાણવા મળેલ છે. આ અકસ્માતમાં મરણ જનાર બન્ને બાઈક સવારો અંબાજી નજીકના રાણપુરના હોવાનું જાણવા મળેલ છે. પોલીસ ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

# ગ્રામવાસી કુદરતી હાજતે ગયા ને ઊઠાવગીર બાઈક લઈ ગયો

## જાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ

ઈડર, તા. ૨૬

ઈડર તાલુકાના કોટડા ગામની સીમમાં સોમવારે બાઈક લઈને કુદરતી હાજતે ગયેલા સતિષભાઈ રામાભાઈ રેંટીયાના બાઈક નં.જીજે.૨૪.એ.૭૭૯૯ની અજાણ્યો શખ્સ ચોરી કરીને ભાગી ગયો હતો. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા તેમણે મંગળવારે જાદર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.